# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-04-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચુંટણી-જાહેરનામુ:

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે આવતીકાલે જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. આ સાથે જ ઉમેદવારીપત્ર ભરાવવાનું પણ શરૂ થશે. ઉલ્લેખનીય છે કે, 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠક માટે આગામી 26 એપ્રિલે મતદાન થશે. જ્યારે 28 તારીખે મતગણતરી કરાશે.

---

## આચાર સંહિતાની કામગીરી:

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓની જાહેરાત સાથે જ સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો દ્વારા જાહેર માર્ગો અને સરકારી કચેરીઓ પર લાગેલા રાજકીય પ્રચારના સાધનો દૂર કરવાની કામગીરી કરવામાં આવી છે.જે મુજબ, જાહેર મિલકત માંથી કુલ 1901 જેટલી પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. જેમાં વોલ પેન્ટિંગ, પોસ્ટર, બેનર અને અન્ય પ્રચાર સામગ્રીનો સમાવેશ થાય છે

ખાનગી મિલકતો પર પણ લગાડવામાં આવેલી 98 જેટલી પ્રચાર સામગ્રી હટાવવામાં આવી છે. જેમાં 65 વોલ પેન્ટિંગ, 22 પોસ્ટર, 5 બેનર અને 6 અન્ય વસ્તુઓ દૂર કરી આચારસંહિતાનો ભંગ અટકાવવામાં આવ્યો છે.

આગામી દિવસોમાં પણ કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવાર આચારસંહિતાનો ભંગ ન કરે તે માટે જિલ્લાના રિટર્નિંગ ઓફિસરોને સતત નિરીક્ષણ કરવા આદેશ આપવામાં આવ્યા છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ફ્લાઈંગ સ્ક્વોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા પણ બાજ નજર રાખવામાં આવી રહી છે. જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામતા પહેલા વહીવટી તંત્રે કાયદાકીય શિસ્ત જાળવવા માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી છે.

---

## EVMની FLC:

જીલ્લામાં આગામી 26 એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ વખતે બેંગ્લોરની કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલા 9000 જેટલા નવા EVM નો ઉપયોગ કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે. હાલમાં આ મશીનોનું એન્જિનિયરોની ટીમ દ્વારા ફર્સ્ટ લેવલ ચેકિંગ (FLC) પ્રક્રિયા ચાલી રહી છે.

ચકાસણી પૂર્ણ થયા બાદ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં મશીનોને પિંક પેપર સીલથી સુરક્ષિત કરવામાં આવશે. FLC બાદ જરૂરિયાત મુજબ તાલુકા મથકે EVM પોહ્ચાડવામાં આવશે અને મતદાનના 1 દિવસ પહેલા બૂથ પર મોકલાશે. જિલ્લાના ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને, આ 9000 મશીનોને દરેક તાલુકા મથકે પહોંચાડવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ આયોજન કરવામાં આવ્યું છે.

---

## રાષ્ટ્રીય વહાવણવટા દિવસીન ઉજવણી :

આજે દેશભરમાં 63માં રાષ્ટ્રીય વહાણવટા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ભારતની સમૃદ્ધ સમુદ્રી પરંપરા અને દેશના વિકાસમાં સાગરખેડુઓના યોગદાન યાદ કરવામાં આવે છે. આ વર્ષની ઉજવણીની થીમ “મેરિટાઇમ ઇન્ડિયા – એમ્પાવરિંગ પ્રોગ્રેસ” રાખવામાં આવી છે. આ અવસરે મર્કેન્ટાઈલ મરીન ડિપાર્ટમેન્ટ, કંડલા દ્વારા દીનદયાળ પોર્ટ

ઓથોરિટીના સહયોગથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાંભળીએ આ વિશેષ અહેવાલ....

---

*વહાણવટાનું મહત્વ અને દરિયામાં મહિનાઓ વિતાવનારા સાગરખેડુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા દર વર્ષે 5 એપ્રિલે રાષ્ટ્રીય વહાણવટા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ 1919 માં 5 એપ્રિલે ભારતે વહાણવટા ક્ષેત્રે પહેલું પગલું ભર્યું જ્યારે પ્રથમ વેપારી જહાજ, એસએસ લોયલ્ટી એ મુંબઈ કિનારેથી લંડન માટે તેની યાત્રા શરૂ કરી હતી. આ ઐતિહાસિક યાત્રાની યાદ રૂપે દર વર્ષે રાષ્ટ્રીય વહાણવટા દિવસની  સાથે મર્ચન્ટ નેવી વીકની ઉજવણી પણ કરવામાં આવે છે.*

*દેશના પશ્ચિમી કિનારે કચ્છના અખાત પર સ્થિત દિન દયાલ પોર્ટ કંડલાએ નાણાકીય વર્ષ 2025–26માં વિક્રમી 160 MMT થી વધુ કાર્ગોનું હેન્ડલિંગ કરીને નવું સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું છે. રાષ્ટ્રીય વહાણવટા દિવસ અને મર્ચન્ટ નેવી વિક નિમિત્તે મર્કેન્ટાઈલ મરીન ડીપાર્ટમેન્ટ કંડલા દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરિટીના સહયોગથી મેરિન ફ્લેગ હોસ્ટિંગ, મેરિટાઇમ રન, સાઇકલિંગ અને યોગ સત્રો તેમજ શાળાઓ અને કોલેજોમાં જાગૃતિ સેમિનાર અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.*

*મર્કેન્ટાઈલ મરીન વિભાગ કંડલાના સંયુક્ત મહાનિર્દેશક શીપીંગ અને મુખ્ય અધિકારી કેપ્ટન સંતોષકુમાર દારોકરે આકાશવાણી સમાચાર સાથેની વિશેષ વાતચીતમાં જણાવ્યું કે, આ ઉજવણીના ભાગરૂપે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાષ્ટ્રીય મેરિટાઇમ દિવસનો પ્રતિકાત્મક ધ્વજ પણ અર્પણ કરવામાં આવ્યો.*

*સાઉન્ડ બાઇટ – કેપ્ટન સંતોષકુમાર દરોકર, સંયુક્ત મહાનિર્દેશક, શિપિંગ અને પ્રિન્સિપલ ઓફિસર, એમએમડી કંડલા*

*૧૯૧૯માં પ્રથમ વેપારી જહાજ એસએસ લોયલ્ટીની ઐતિહાસિક સફરથી લઈને વૈશ્વિક શિપિંગ પાવરહાઉસ બનવા સુધી, ભારતે ૧૨ મુખ્ય બંદરો સાથે વહાણવટા ઉદ્યોગમાં શાનદાર પ્રગતિ કરી છે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર, ભુજ*

---